# અનાવિલ ઈતિહાસ....

આપણા બધાને અનાવિલ વિશ આછી પાતળી માહિતી હશે અને એની સાથે ઘણી ધારણા પણ હશે. આપણે આપણા વડીલો દ્વારા ઘણી વખત આપણા સમાજના ગૌરવશાળી ઈતિહાસ ની વાતો સાંભળી જ હશે. હા, પરંતુ કેટલીક વસ્તુ આપણને ઊંડાણમાં નહિ ખબર હોય તો કેટલીક વસ્તુ ની સચોટ માહિતી નહિ હોય. મતિલા, તંતિલા અને ખંતીલા કહેવાતા આપણાં સમાજના પાયામાં શું હતું? સમાજ નું ઉગમ બિંદુ ક્યાં હતું? સમાજ ની વિશિષ્ટતા શું હતી? સમાજ ની મર્યાદા શું હતી? સમાજની કાંતિ શી રીતે થઈ? સમાજ નો પાયાનો વ્યવસાય શું હતો? અનાવિલ શબ્દ નો મતલબ શું હશે? સમાજ નો ભારત વર્ષના વિકાશમાં શું ફાળો હતો? તો આવા અનેક સવાલો આપણને થતાં જ હશે. તો આ બધી વાસ્તવિકતાને સ્પર્શવા માટે ઊંડો અભ્યાસ અને સંશોધન ની જરૂર છે. ઉપલબ્ધ તમામ ગ્રંથો ને વાગોળવાની જરૂર છે. કેહવાય છે કે "જે વૃક્ષે પોતાની ડાળી આકાશમાં ફેલાવવા માંગતું હોય તેણે પોતાનાં મૂળ ધરતીમાં ઊંડે પાતાળ સુધી ઉતારવાં રહ્યાં!" ખેર એ થોડું અઘરું અને સમય માંગી લે એવું કાર્ય છે. માટે, આ લેખમાં સમાજના ઇતિહાસની મહત્વની કળીને આવરી લેવા તથા સમાજ ના મહત્વના પાસા ઉપર પ્રકાશ પડવાની કોશિષ કરી છે.

ચાલો તો આપણે આપણી જ્ઞાતિ, કુલ અને પૂર્વજોને જાણવાની અને સમજવાની કોશિષ કરીએ. સૌ પ્રથમ આપણા મનમાં પ્રશ્ન થતો હશે અનાવિલ શબ્દનો અર્થ શું થતો હશે? કેહવાય છે કે અનાવિલ શબ્દ અનાવલ ઉપર થી તરી આવ્યો છે. (અનાવલ એટલે પૂર્વે નું અનાદીપુર જે આજે હાલના નવસારી જિલ્લાના મહુવા તાલુકામાં ઉપસ્થિત છે) સંસ્કૃત જોડણી કોશ મુજબ 'અનાવિલ' સબ્દને ને છૂટો કરીએ તો અન (નહિ) + આવિલ (મેલું) આમ બે ભાગ પડે એનો અર્થ સ્વચ્છ, નિર્મળ, સાફ અથવા દોષ વિનાનું એવું કહી શકાય. અને આની પ્રતીતિ ચોક્કસ દરેક અનાવિલના લોહીમાં જોવા મળે છે. અનાવિલ ની ચોખ્ખી નિયત, વફાદારી અને સ્પષ્ટ વ્યક્તિત્વ એની સાબિતી આપે છે.

પ. પૂ. ગાંડા મહરાજ લેખિત પુસ્તિકા 'ભગવાન શુકલેશ્વર મહાત્મય' માં વર્ણવ્યાં મુજબ, ભગવાન શંકરે ક્રોધમાં આવી દંડકારણ્યમાં વસતા અનેક અશુરોનો નાશ કર્યો. પાછળથી તેમનો ક્રોધ અનાવલ તીર્થમાં વાસ કરવાથી શાંત થયો હતો. તેથી આ તીર્થ શ્રી શુક્લેશ્વર એટલે કે ક્રોધ દૂર કરી શુકલગતિ આપનાર સ્થળ તરીકે ઓળખાયું. નોંધનીય છે કે 'અષ્ટાદશ' એટલે કે અઢાર પુરાણોમાંથી જાણીતા સ્કંદ પુરાણમાં 'અનાવિલ પુરાણ' એક ભાગ રૂપે સમાવિષ્ટ છે. એમાંથી મળતી માહિતી અનુસાર, સતયુગ દરમ્યાન ત્રણ લોકોને હેરાન કરનારો ત્રિપુરાસુર ને હણવા માટે ખુદ ભગવાન શિવે કેટલાક લોકોને કૈલાશ ના ગંગા તટે થી અનાવલ (અનાદિપુર) બોલાવ્યા. પરંતુ, તેઓ અશુર પર વિજય મેળવી પાછા ગંગા તટે જઈ વસ્યા.

અનાવિલ પુરાણ માં કહેવામા આવ્યું છે કે, રામચંદ્ર જ્યારે બ્રહ્મરાક્ષસ રાવણનો સંહાર કરી સીતા, લક્ષ્મણ અને હનુમાન સાથે પુષ્પક વિમાનમાં અયોધ્યા તરફ જતા હતો, તે વખતે રસ્તામાં અગસ્ત્ય મુનિનો આશ્રમ આવ્યો. મહાપાપી રાવણ રાક્ષસ હતો, પણ જન્મે બ્રાહ્મણ હતો; એટલે એને માર્યા પછી રામચંદ્ર માનવા લાગ્યા કે મારાથી બ્રહ્મ હત્યાનું પાપ થયું છે. રામચંદ્ર અગત્ય મુનિને પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ! રાવણ સાથેના યુદ્ધમાં મારાથી જે હિંસા થઈ છે. તે હિંસા થી થયેલા પાપ નું નિવારણ કરવા માટે મારે શું કરવું જોઈએ?" મહાજ્ઞાની અગસ્ત્ય મુનિએ ગંગા-જમનાના તટને પાવન કરનારા કેટલાક ઋષિઓ જેઓ પૂર્વે યજ્ઞકાર્ય માટે મહાદેવે અનાદિપુર (અનાવલ) બોલાવ્યા હતા એ ઋષિઓને ફરી

અનાવલ બોલાવી તેમની પાસે યજ્ઞ કરવાનું સૂચન કર્યું. અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે અનાવિલ બ્રાહ્મણોનો જે ૧૨ ગોત્રોનો સમૂહ હતો, તે ટોળીમાંના જ અગત્ય મુનિ પણ હતા, એટલે તેમણે પોતાની ટોળીના તપસ્વી, ત્યાગી અને વિદ્વાન, યજ્ઞ કાર્ય કરાવવા માટે લાયક એના બ્રાહ્મણોની બોલાવવાની સલાહ આપી હોવી જોઈએ. અને કહેવાય છે કે રામાયણ કાળમાં જ્યારે બ્રાહ્મણ પહેલીવાર દક્ષિણ ગુજરાતમાં આવ્યા ત્યારે ૧૮,૦૦૦ જેટલા હતા, એ ૧૮,૦૦૦ માંથી ૧૨,૦૦૦ ઋષિઓ નાગકન્યા સાથે પરણ્યા અને ૬૦૦૦ કુંવારા રહ્યા. આખી જિંદગી એ લોકોએ બ્રહ્મચર્ય પાળ્યું. જોકે રામાયણ કાળમાં અનાવિલ જ્ઞાતિ નું અસ્તિત્વ હતું, એમ કહેવા માટે આપણી પાસે પુરાણ સિવાય કોઈ બીજો સબળ આધાર નથી.

કેટલાક લોકો માને છે કે રામચંદ્રે ભીલોને જનોઈ પહેરાવી અનાવિલ બનાવ્યા. પરંતુ આ વાતમાં જરા પણ સત્યનો અંશ નથી એવું કહી શકાય. કારણ કે જે જમાનામાં શૂદ્રને જપ-તપ કરવાનો અધિકાર ન હતો તથા જપ-તપ કરનારા શુદ્રને ભારે સજા કરવામાં આવતી હતી, તે જમાનામાં રામચંદ્ર પોતે ક્ષત્રિય થઈને શુદ્ર ટોળાંને બ્રાહ્મણ બનાવે એમ માનવામાં શાણપણ નથી. મર્યાદા પુરુષોત્તમ રામ ચંદ્ર ધર્મશાસ્ત્રના નિયમોનું કદાપિ ઉલ્લંઘન કરે જ નહિ. આ વાત 'દક્ષિણ ગુજરાતના અનાવિલ બ્રાહ્મણ' પુસ્તકનાં લેખકે એમના મંતવ્ય સ્વરૂપે રજૂ કરી છે. વધુમાં 'અનાવલ ઐતિહાસિક દૃષ્ટિએ' એ શીર્ષક વાળા લેખમાં શ્રી મણીભાઈ વકીલે લખ્યું છે, "પોતાની જ શુદ્ધિને અર્થે શ્રી રામચંદ્ર અનાર્ય સમાજને પ્રથમ શુદ્ધ કરે અને પછી એ સમાજ પાસે પોતાની શુદ્ધિ કરાવે એવી વાત યોગી નથી લાગતી?"

કોમનું મૂળ બાબતે મતમતાંતરો ચાલ્યા કરે છે. ચોક્કસ નિદાન થયું નથી. પરંતુ સંકલિત આધારો અને જ્ઞાતિનાં માણસોનો દેખાવ, સ્વભાવ અને પ્રકૃતિ વગેરેનો રોમન જ્ઞાતિનાં માણસ સાથે મેળ બેસે એમ છે. રમણભાઈ વ. દેસાઈ ના ' ક્ષિતિજ' પુસ્તકની પ્રસ્તાવના એમણે પોતે લખેલી અને પુસ્તકના નાયકોને મધ્યમાં રાખી પુસ્તક લખાયું છે. તેમાં ૧૮૦૦-૨૦૦૦ વર્ષ પહેલાના સિકકાઓ અને તે સમયની લિપિઓનાં લખાણોનો આધાર લઈ નોંધ્યું છે. એ સિક્કા કામરેજ ગામ, જિ. સરુતના વ્યક્તિ સ્વ. શ્રી રમણભાઈ વસંતરાય દેસાઈને આપેલ અને તે લિપિનું વાંચન કરી એમણે એ પુસ્તક લખ્યું છે. એમાં સ્પષ્ટ છે કે દક્ષિણ ગુજરાતનાં બંદરેથી અરબી સમુદ્ર થઈ રોમ સાથે વેપાર વાણિજ્ય ધમધોકાર ચાલતો, વહાણો દ્વારા આદાનપ્રદાન થતું. રોમન સંસ્કૃતિ પ્રાચીન સંસ્કૃતિ છે. એ જ્ઞાતિ સીનો તાણીને ચાલનારી, ખડતલ, બહાદુર, અને સાહસિક જ્ઞાતિ તરીકે ઇતિહાસમાં નોંધાયેલ છે. રોમ જ્ઞાતિના માણસોનો ચહેરો, શરીરનો બાંધ, વાન અને છાતી, બાવડાં સહિત ભૂજા ઓનો અભ્યાસ કરતા આપણી જ્ઞાતિ રોમન હોવાની શક્યતા પૂરેપૂરી છે. તેમના ભૌગોલિક, શાબ્દિક અને સામાજિક પાસાં સાથે દ. ગુજરાતના ભવ્ય ભૂતકાળનો મેળ બેસે છે.

તો આપણને વિચાર જરૂર આવશે કે આપણાં અનાવિલોનું મુખ્ય કેંદ્ર અનાવલ ભૂતકાળમાં કેવું હતું? અને આજે અનાવલ વિસ્તારમાં એક પણ અનાવિલ ઘર કેમ નથી? પ્રાચીન સમયમાં અનાવલ અનાવિલો ની રાજધાનીનું નગર હતું. તેનો વિસ્તાર તાપી થી વસઈ સુધી અને દરિયા કિનારાથી પૂર્વમાં ૬૦ માઈલ જેટલો હતો. આ માહિતી 'દક્ષિણ ગુજરાતના અનાવિલ બ્રાહ્મણ' ગ્રંથમાં મળી આવે છે. તેમાં જણાવ્યા મુજબ જુના વખતમાં અનાવલ મોટું શહેર અને રાજ્ય વહીવટ નું થાણું હતું. આ સ્થળ કાવેરી નદીના તટ પર આવેલું હતું. ત્યાં પ્રાચીન કિલ્લો હતો. મુગલ સમય સુધી અનાવલ, સુરત પ્રાન્તના મહાલ તરીકે જાણીતું હતું. ભૂતકાળના સમયગાળામાં મોગલ, મરાઠા, પેશ્વા, ગુર્જરો, રાષ્ટ્રકુટ,

મૈત્રક, કલ્ચુરી, ચાલુક્ય વગેરે રાજવંશ શાસકોની હુકૂમત ગુજરાત અને દક્ષિણ ગુજરાતના પ્રદેશ પર હતી. આપણાં પૂર્વજોએ આ બધાં શાસકોના સમયમાં રાજવીઓને રાજ્ય વહીવટ ઉપરાંત વિવિધ ક્ષેત્રે મદદ કરી હશે પરંતુ તે અંગેના કોઈ આધારભૂત પુરાવા મળતા નથી. જો કે ગુજરાતના સોલંકી કુળના રાજવીઓને અનાવિલોએ ઘણી મદદ કરી હતી તેથી તેના રાજ્યના ઉચ્ચ હોદ્દા પર રહી અનાવિલોએ સેવા બજાવી હશે એમ કહી શકાય. અનાવિલો મહાન યોદ્ધા અને રાજનીતિમાં નિપુણ હતા તેથી એમ કહેવાય છે કે સોલંકી વંશના મૂળરાજ અનાવિલો હતા. અને તેમનું અનાવલ પરનું પ્રભુત્વ જાળવી રાખવામાં લશ્કરી મદદ કરી હતી.

ઈસુની દસમી સદી સુધી અનાવલ અનાવિલોનું મુખ્ય રાજસત્તાનું કેન્દ્ર હતું. અનાવલ તૂટ્યા પછી અનાવિલો દક્ષિણ ગુજરાતના જુદા જુદા ગામોમાં સ્થિર થયા ત્યાં જમીન જાગીર વસાવી. કુટુંબ કબીલો અને પેશ્વાના સમયમાં તેમને રાજય તરફથી જાગીરો અને ઈનામી ગામો મળ્યાં હતાં, પેશ્વાઈ ભાંગી પડી ત્યાર પછી પણ કેટલાક અગ્રણી અનાવિલો ની જાગીર કાયમ રહી હતી. અનાવિલોના લોહીમાં રાજ કારોબારનું જ્ઞાન ભારોભાર હતું. ઈતિહાસના દરેક યુગમાં તેઓએ રાજાઓ અને શાસકોને ઉપયોગી સેવા પૂરી પાડી હતી અને તે બદલ તેને જમીન જાગીરી તથા ઈનામમાં ગામો મળ્યા હતા. પેશ્વાના સમયથી અગ્રગણ્ય અનાવિલ કુટુંબની ‘દેસાઈ ગીરી' પણ મળી હતી. આમ તેઓએ પોતાનું રાજકીય વર્ચસ્વ ટકાવી રાખ્યું હતું. અંગ્રેજ રાજ્યની શરૂઆત પછી તેઓનું તેજ ઝાંખું થયું હતું. રાજકીય ક્ષેત્રે તેમનું મહત્ત્વ ઘટવા લાગ્યું હતું. ધીમે ધીમે અનાવિલોની જાહોજલાલી ઓછી થતી ગઈ હતી.

મહત્વનો પ્રશ્ન એ થાય છે કે શું અનાવિલો ભૂતકાળમાં રાજવી હતા? રાજા કે શાસક તરીકે તેમના પૂર્વજોએ ક્યા પ્રદેશ માં? કેટલો સમય? રાજ્ય વહીવટ કર્યો હતો તેના કોઈ ઐતિહાસિક પુરાવા છે? અનાવિલોની પ્રાચીન થી શરૂ કરી આધુનિક સમય સુધીના ઈતિહાસ તરફ દ્રષ્ટિ નાખતા સ્પષ્ટ જણાય છે કે અનાવિલો ભૂતકાળમાં ક્યારેય પણ રાજાઓ કે શાસક તરીકે હતા એવી માહિતી મળતી નથી. પુરાણો ના વર્ણનો અને બીજા ગ્રંથોમાં અનાવિલો ની સિદ્ધિની વાત જાણ્યા પછી એ જરા વિચિત્ર લાગે છે પણ ખરી રીતે તે સમયે મોટાભાગના અનાવિલ વીર પુરુષ વિષયપતિ કહેવાતા. રાજાઓ પોતાના વિશાળ સામ્રાજ્યના પ્રાંતો (વિષય) ના વહીવટ માટે વિષયપતિની નિમણુંક કરતા, પ્રાચીન અનાવિલો એ રીતે રાજાઓના પ્રાંતો (વિષયો) ના આગેવાન હતા. વિષયપતિનું પદ સામ્રાજ્યમાં ઉચ્ચપદ ગણાતું. રાજ્યના મુખ્ય સેનાપતિ, રાજ કુટુંબના સભ્ય કે રાજાના કુંવરને એવા હોદ્દા મળી શકતા. આવા ઉચ્ચપદ પર રહીને અનાવિલોએ ઉત્તમ કામગીરી કરી હશે એમ કહી શકાય. ટૂંકમાં અનાવિલો પ્રાચીન સમયમાં કદાચ રાજા કે શાસક ન હતા પણ વિષયપતિ કે સેનાપતિ કે ઉચ્ચ કક્ષાના પ્રધાન જેવો દરજ્જો ભોગવતા હશે. દેસાઈ, મહેતા, વાશી, નાયક જેવા પદો (હોદ્દા) તેમના શાસકો તરફથી મળ્યા હતા. આ હોદ્દા જુદા જુદા પ્રકારની રાજ્ય વહીવટનાં કામો સંભાળનાર વર્ગને આપ્યા હોય તેવી શક્યતા નકારી શકાય નહિ.

દરેક અનાવિલ બ્રાહ્મણને પોત પોતાનું ગોત્ર હોય છે, એ ઋષિઓનાં વંશવેલા માં આપણા કુટુંબના વંશવારસાને એ ગોત્ર મળેલું હોય છે. અનાવિલ સમાજમાં કશ્યપ, શાંડિલ્ય, ભારદ્વાજ, વત્સ, સાવર્ણ, ગૌતમ, વશિષ્ઠ, ભટાને, કોન્ડિલ, ગર્ગ, ભાર્ગવ, પરાશર, વગેરે ગોત્ર જોવા મળે છે. વધુમાં અનાવિલોમાં બે વિભાગ જોવા મળે છે. ભઠેલા જેનો અર્થ વીર થાય છે અને બીજા દેસાઈ જેનો અર્થ દેશસ્વામી થાય છે. સોળમી સદીમાં દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં મોગલો નું રાજ્ય હતું, ત્યારે

મોગલોની અસર નીચે કેટલાક અનાવિલોને 'દેસાઈ ગીરી' પ્રાપ્ત થઈ. 'દેસાઈ ગીરી' મળી તેમણે ખેતી છોડી દીધી. આ બધા 'દેસાઈ'! બાકીના જે અનાવિલો એ ખેતી ચાલુ રાખી તે બધા 'ભાઠલા' કહેવાયા. દેસાઇ! વલસાડની પાર નદીના એક કિનારે વસતા, સામેના કિનારે વાળા ને "પેલાડીયા" તરીકે ઓળખાય. ભાઠલામાં નાયક, વશી અને મહેતા અટકો જોવા મળે. નાયક એટલે કે નાની ટુકડીનો નાયક એવું પણ થાય. વશી એટલે નિયામક અને મહેતા એટલે હિસાબનીશ અથવા શિક્ષક એવા અર્થો સોળમી સદીમાં સ્થાપિત થયા હતા. બીજી એક માન્યતા પ્રમાણે ભાઠેલામા જેમણે પોતાની જગ્યા પર જ વસવાટ કર્યો એટલે કે ત્યાજ વશી ગયા એટલે તેઓને વશી તરીકે ઓળખવામાં આવ્યા જ્યારે જેમણે અશલ ઠેકાણા બદલ્યા અને બીજે વસવાટ કર્યો તે નાયક તરીકે ઓળખાયા. ઘણા સમય સુધી દેસાઈ અને ભાઠેલા વચ્ચે ઊંચ નીચ ચાલતી રહી. દેસાઈ ઉંચા દરજ્જામાં આવતા ત્યારે ભાઠેલાને નીચા અનાવિલ ગણવામાં આવતા.

અનાવિલ પૂર્વજોના વ્યવસાયની વાત કરીએ તો એક જ્ઞાતિ તરીકે આપણે છેલ્લા કેટલાક વર્ષોમાં કંઈક મેળવ્યું હોય એમ લાગે છે. મૂળભૂત રીતે ખેતી આધારિત જ્ઞાતિ એટલે લગભગ તમામ કુટુંબો ખેતી થી જ નિર્વાહ કરતા હતા ત્યાર બાદ પ્રાથમિક શિક્ષક, માધ્યમિક શિક્ષક કે પ્રાધ્યાપક તરીકે શિક્ષણના ક્ષેત્રમાં, તલાટીથી લઈ મામલતદાર અને કલેકટર સુધી, રેલ્વેમાં, કાપડ ઉદ્યોગમાં વીવિંગ માસ્ટર કે મેનેજર તરીકે, વીમા કંપનીઓમાં, સહકારી ક્ષેત્રે સહકારી મંડળીઓ , ફેડરલ મંડળો , બેંકો, સુગર ફેક્ટરી કે ડેરીમાં તથા સ્થાનિક કક્ષાએ વ્યવસાયી ક્ષેત્રે ડોક્ટર, સી.એ., વકીલ, ઓડિટર, એન્જિનિયર વગેરે વ્યવસાયોમાં અને આ સિવાય સ્થાનિક કક્ષાએ નાના-મોટા વેપાર ધંધાઓમાં અનાવિલનું યોગદાન નોંધપાત્ર છે.

આ બધી સિધ્ધિઓ સાથે સમાજમાં પૂર્વે કેટલાક નકારાત્મક પાસાઓ અને કુરિવાજો પણ જોવા મળતાં. જેમ કે બાળલગ્ન, દેસાઈ અને ભાઠેલામાં ઉચ નીચ ખાસ કરીને લગ્ન સંબંધ જોડવામાં, વાંકડાનો રિવાજ (દહેજ), જાનને જોગવવું, પહેરામણી પ્રથા, સૂપડાં ની રીત, વિધવા મહિલાના ફરી લગ્ન શક્ય ન હતા, સાતાનો રિવાજ તથા મરણ પ્રસંગે ગામ જમાડવું આવા અનેક રિવાજો સમાજ ના વિકાસને અટકાવતા હતા તો ઘણી વખત આ બધા રિવાજોને કારણે દીકરીના પિતાએ દેવું કરવું પડતું તો કોક વાર જમીન જાગીર પણ ગીરવે મૂકવી પડતી. અલબત્ત, આજના સમયમાં ઘણા રિવાજો નેષ નાબુત થઈ ગયા છે પરંતુ હજુ પણ કેટલાક અંશે દેખાદેખીનો ધારો જોવા મળે છે.

અનાવિલ ના વ્યક્તિત્વ પર થોડો પ્રકાશ પાડીએ તો આપણને એક આશ્ચર્યજનક વિરોધાભાસ જોવા મળે છે જેમ કે બ્રાહ્મણત્વ અને ક્ષત્રિયતા એક બીજાથી તદ્દન જુદા ગુણ હોવા છતાં અનાવિલોમાં તે બંને જોવા મળે છે. બાહોશ, શક્તિશાળી, ખમીરવંતા હોવા છતાં તેઓ સ્પષ્ટ વક્તા, સંવેદનશિલ, પારદર્શક અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવતા હોય છે. કેટલાક અનાવિલોમાં દ્રઢ નિશ્ચય, સંકલ્પ અને સાધના જેવા મહત્વના ગુણ તરી આવે છે.

નોંધ: લેખમાં આપેલી માહિતી ડો. ઈશ્વરચંદ્ર દેસાઈ સંપાદિત 'ગત સદીનું શ્રી શુકલેશ્વર અને અનાવિલો' તથા અંબેલાલ દેસાઈ લેખિત 'દક્ષિણ ગુજરાતના અનાવિલ બ્રાહ્મણ' પુસ્તક માથી લીધેલ છે.

-રીશી નાયક (દેવધા)